# ભાવનગર મહાનગરપાલિકા
## એસ્ટેટ વિભાગ
## રી- ટેન્ડર નોટીસ

ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા રસ ધરાવતા આસામીઓ પાસે થી દબાણ હટાવ સેલ ખાતેના જપ્ત થયેલ માલ સામાનના ભંગાર નિકાલ કરવાના કામ અંગે ઓફ્લાઈન ભાવો મંગાવવામાં આવે છે. આ કામ માટે **www.bmcgujarat.com** વેબ સાઈટ પરથી તા.૦૫/૦૯/૨૦૨૪ થી તા.૨૦/૦૯/૨૦૨૪ સુધીમાં ટેન્ડર ડાઉનલોડ કરી મેળવી શકાશે. ડાઉનલોડ કરી ભરેલ ટેન્ડર કોપી રજી.એડી/સ્પીડપોસ્ટ થી તા.૨૫/૦૯/૨૦૨૪ ૬.૦૦ કલાક સુધીમાં એસ્ટેટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા ખાતે પહોંચતા કરવાના રહશે. વધુ વિગતો/માહિતી દબાણ હટાવ સેલ ખાતેથી મળી શકશે.

એસ્ટેટ ઓફિસર<br>
એસ્ટેટ વિભાગ<br>
ભાવનગર મહાનગરપાલિકા

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# એસ્ટેટ વિભાગ

## –: જાહેર નિવિદા :–

## ટેન્ડર નોટીસ નં.-BMC/ESTATE/05/2023

## રી-ટેન્ડર

**આથી એમ. એસ. ભંગાર ખરીદવા અનુભવ ધરાવતા સરકાર માન્ય કોન્ટ્રાકટર તથા એન.જી.ઓ. રજીસ્ટડ મંડળી તથા પ્રોપરાઈટર પાસે નીચે જણાવેલ શરતો મુજબ આ કામના ટેન્ડર બહાર પાડવામાં આવે છે.**

**સરકાર માન્ય કોન્ટ્રાકટરના પરવાનાની નકલ અથવા મહાનગરપાલિકાના કામનો એમ. એસ. ભંગાર અનુભવના આધારોની નકલ સાથે અથવા એન.જી.ઓ. રજીસ્ટડ મંડળી તથા પ્રોપરાઈટર દ્વારા** ભાવનગર મહાનગરપાલિકા ની વેબ સાઈટ www.bmcgujarat.com પર થી ડાઉનલોડ કરી તા.૨૫/૦૯/૨૦૨૪, ૬.૦૦કલાક સુધીમાં પહોચતા કરવાના રહેશે.

| ક્રમ | કામનું નામ | ટેન્ડર ફી રૂ. | અર્નેસ્ટમની ડીપોઝીટ |
|---|---|---|---|
| ૧ | દબાણ હટાવ સેલ ખાતેના જપ્ત થયેલ માલ સામાનના ભંગાર નિકાલ કરવાનું કામ. | ૧૦૦૦/- | ૧૧,૦૦૦/- |

**સદરહું ટેન્ડર તમામ વિગતો સાથે તા.**૨૫/૦૯/૨૦૨૪ **સાંજના** ૬.૦૦ **કલાક સુધીમાં મળે તે રીતે સીલ બંધ કવરમાં રજી.પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટ થી એસ્ટેટ ઓફિસર. એસ્ટેટ વિભાગ , ભાવનગર મહાનગરપાલિકા, ગેલેકસી સીનેમા સામે ભાવનગર –૩૬૪૦૦૨ ના સરનામે કવર ઉપર** કામનું નામ **દર્શાવી ટેન્ડર નોટીસ નંબર તથા એજન્સીનું નામ સરનામું ફોનનંબર દર્શાવી મોકલવાનાં રહેશે. કોઈપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો અધિકાર કમિશ્નર મહાનગપાલિકા ભાવનગરનો રહેશે. અને તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.**

એસ્ટેટ ઓફિસર
એસ્ટેટ વિભાગ
**ભાવનગર મહાનગરપાલિકા**

**એસ્ટેટ વિભાગ**
**ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર**

# રી-ટેન્ડર

**કામનું નામ** :– દબાણ હટાવ સેલ ખાતેના જપ્ત થયેલ માલ સામાનના ભંગાર નિકાલ કરવાનું કામ

સરનામું:-

| | | |
|---|---|---|
| **ટેન્ડર ફી રૂ.** | :– | રૂ. ૧૦૦૦ /– |
| **ટેન્ડર સાથેની ભરવાની ડીપોઝીટ** | :– | ટેન્ડર ફોર્મ તથા શરતોમાં દર્શાવ્યા મુજબ |
| **ટેન્ડર પરત કરવાની આખરી તારીખ** | :– | તા.૨૫/૦૯/૨૦૨૪ (ફકત રજી.એ.ડી. થી જ) |
| **એજન્સીનું નામ** | :– | |
| **સરનામું** | :– | |
| **એજન્સીનો મો.નંબર** | :– | |
| **ટેન્ડર ફી ની રકમના ડીમાન્ડ ડ્રાફટ નંબર** | :– | |
| **ઈ.એમ.ડી રકમના ડીમાન્ડ ડ્રાફટ નંબર** | :– | |
| **ટેન્ડર પહોંચતા કરવાનું સરનામું** | :– | **એસ્ટેટ ઓફિસર, એસ્ટેટ વિભાગ, મહાનગરપાલિકા, ભાવનગર.** |

# સામાન્ય શરતો

**કામનું નામઃ–** દબાણ હટાવ સેલ ખાતેના જપ્ત થયેલ માલ સામાનના ભંગાર નિકાલ કરવાનું કામ

(૧) આથી આ પ્રકારના કામનો અનુભવ ધરાવતા કોન્ટ્રાકટર તથા એન.જી.ઓ. રજીસ્ટડ મંડળી તથા પ્રોપરાઈટર પાસે નીચે જણાવેલ શરતો મુજબ ભંગાર લઈ જવાના કામનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

(૨) ટેન્ડર ફી જે નામે ભરેલ હોય તે નામે જ ટેન્ડર ભરવાનું રહેશે.

(૩) આ ટેન્ડરમાં જયા જયા નિર્દિષ્ટ કરવામાં આવે છે ત્યાં-ત્યાં તમામ જરુરી વિગતો અવશ્ય ભરવાની રહેશે. અધુરી વિગતવાળુ ટેન્ડર રદ કરવાને પાત્ર ગણાશે. શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

(૪) કોન્ટ્રાકટરે ભરેલા ટેન્ડર સાથે નીચે મુજબના દસ્તાવેજો અચુકપણે બીડવાના રહેશે જેના વગર ટેન્ડર રદ થવાને પાત્ર છે.

(૧) રાષ્ટ્રીયકૃત બેંકની ચાલુ સાલની રૂા. ૫૦,૦૦૦/–ની સોલવન્સી સર્ટી.

(૨) ઈ.એમ.ડી.નો ઓરીજીનલ ડી.ડી.

(૩) PAN NO :– કાર્ડની નકલ રજુ કરવી.

(૪) વ્યકિતગત :– PAN NO ....................................ધંધાની વિગત

પ્રોપરાઈટરઃ– PAN NO .................................... નોંધણી નંબર સાથે ધંધાની વિગત લેટર પેડ સાથે

પેઢી / ભાગીદારી :– પેઢીનામું નોંધણી પ્રમાણપત્ર હોય તો/ ભાગીદાર પેઢી હોય તો તે અંગેનો કરારનામા પુરાવા

કંપની :– પ્રોપરાઈટર ઓફ કંપની / મેમોરેન્ડમ ઓફ કંપની

એસોસીએશન / મંડળી :– આર્ટીકલ ઓફ એસોસીએશનનાં / મંડળી મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ અંગેના આધાર પુરાવા રજુ કરુછું.

એનજીઓ :– એન.જી.ઓ.નાં બંધારણ તથા નોંધણીની વિગતો રજુ કરુછું.

(૫) કોઈપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો તથા કોઈપણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવુ તેનો તથા ઓછા ભાવવાળું ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો અધિકાર કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત રહેશે. આવુ ટેન્ડર અથવા ટેન્ડરનાં ભાગ રૂપે ટેન્ડર મંજુર કરવાની સત્તા કમિશ્નર,ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.

(૬) શરતોનું અર્થઘટન કરવાની, શરતો વધારવાની કે ઘટાડવાની, ફેરફાર કરવાની માંગેલ આધારોનું મુલ્યાંકન કરવાનાં અબાધિત અધિકાર કમિશ્નર,ભાવનગર મહાનગરપાલિકાને રહેશે.

(૭) ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવોનો વેલીડીટી પીરીયડ પ્રાઈઝબીડ ટેન્ડર ખોલ્યાની તારીખથી નેવું (૯૦) દિવસનો ગણવામાં આવશે. ટેન્ડર મળ્યા બાદ કોન્ટ્રાકટરો તરફથી કોઈપણ પ્રકારની અરજીઓ કે રજુઆતો વિગેરે ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(૮) ટેન્ડર સાથે અર્નેસ્ટમની ડીપોઝીટ <u>રૂા.૧૧,૦૦૦</u> નો ભાવનગર મહાનગરપાલિકાના નામનો રાષ્ટ્રીય કૃત બેંકનો ડી.ડી. ટેન્ડર સાથે રજુ કરવાનો રહેશે.

(૯) સફળ ઈજારદારે લેખિતમાં જાણ થયેથી દિન–૧૦માં સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (ડી.ડી.,એફ.ડી,બેંક ગેરંટી) કમિશ્નર,ભાવનગર મહાનગરપાલિકાના નામનો સીકયોરીટી ડીપોઝીટ રૂપે રજુ કરવાનો રહેશે. દિન–૧૦માં સીકયોરીટી ડીપોઝીટ ભરવામાં ન આવે તો કોન્ટ્રાકટરે ભરેલ ઈ.એમ.ડી ફોરફીટ કરી જપ્ત કરવામાં આવશે. અને તે અંગે ઈજારાદારની કોઈપણ દલીલ કે તકરાર ચાલી શકશે નહી.

(૧૦) સીકયોરીટી ડીપોઝીટનું તથા અર્નેસ્ટમની ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી. આ સીકયોરીટી ડીપોઝીટ કોન્ટ્રાકટરની અવધિ(સમય) પૂર્ણ થયા બાદ જો કોઈ લેણું મ્યુનિ. એ વસુલ કરવાનું હશે તો તે વસુલીને પરત કરવામાં આવશે.

(૧૧) જે કોન્ટ્રાકટરનું ટેન્ડર પાસ થયેલ હોઈ તેમજ પાસ થયેલ ન હોઈ તેવા કોન્ટ્રાકટરે તેમણે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટ રૂા. ૧૧,૦૦૦/-( અગિયાર હજાર) પુરાં અલગ અરજી કરી માંગવાની રહેશે. આ ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.

(૧૨) નાણાંકીય સધ્ધરતા ટેકનીકલ ક્ષમતા અનુભવને ધ્યાનમાં લઈ કવોલીફાઈડ નકકી કરવાનો અબાધિક અધિકાર કમિશ્નર, ભાવનગર મહાનગરપાલિકાને રહેશે. તેમાં કોઈ તકરાર/ વાંધો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહી.

(૧૩) આ કામનો સમય ગાળો વર્ક ઓર્ડર મળ્યેથી દિન– ૩૦માં તમામ ભંગાર ઉપાડી લેવાનો રહેશે.

(૧૪) આંકડામાં અને શબ્દોમાં કોન્ટ્રાકટરે ભાવો ભરવાના રહેશે. અન્યથા ટેન્ડર રદ કરવામાં આવશે. આંકડામાં અને શબ્દોમાં દર્શાવેલ ભાવમાં તફાવત માલુમ પડશે તો શબ્દોમાં દર્શાવેલ ભાવને લક્ષમાં લેવામાં આવશે.

(૧૫) કોન્ટ્રાકટર સાથે થયેલ કરાર(એગ્રીમેન્ટ)ની શરતોનો ભંગ થયે કે કસુર થયે આ કામની ભરેલ સીકયોરીટી ડીપોઝીટની રકમ ફોરફીટ/જપ્ત કરવામાં આવશે. અને આ કોન્ટ્રાકટરને મહાનગરપાલિકાના બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

(૧૬) કોન્ટ્રાકટરને કામગીરી કરવાનો રાઈટ આવ્યો હોવા છતાં કોન્ટ્રાકટર સક્ષમ નહી જણાય તો કમિશ્નર મહાનગરપાલિકા, ભાવનગર અન્ય કોન્ટ્રાકટરને કામગીરી વહેચવા માટે અધિકૃત રહેશે અને તે સર્વે કોન્ટ્રાકટરોને માન્ય રહેશે.

(૧૭) કામ લેવાની પધ્ધતિ બાબતે એમ.એસ. ભંગાર ઉપાડવા કાર્યપાલક ઈજનેર એસ્ટેટ વિભાગ સુચવે તે જગ્યાએથી એમ.એસ. ભંગાર કોન્ટ્રાકટરશ્રી દ્વારા પોતાના વાહન, મજુર, સાધન, ક્રેઈન વગેરે લાવી ભંગાર ઉપાડવાનો રહેશે. આ ભંગાર ભરેલ વાહન અત્રેના વિભાગ દ્વારા સુચવવામાં આવે તે વજન કાંટે વજન કરાવવાનું રહેશે. ત્યાર બાદ આ ભંગાર ભરેલ વાહન પરત જયાથી ભંગાર ભરેલ હશે તે જગ્યાએ લાવવાનું રહેશે. ત્યાર બાદ વજન કાંટેથી આપવામાં આવેલ વજન ચીઠ્ઠી મુજબ મંજુર થયેલ ભાવ મુજબ મ્યુનિ. ટ્રેજરીમાં ભરી તેની પહોંચ રજુ કર્યા બાદજ ભંગાર ભરેલ વાહન કોન્ટ્રાકટરને લઈ જવાદેવામાં આવશે.

(૧૮) કોન્ટ્રાકટરને કરવામાં આવેલ પેનલ્ટીની વસુલાત ચુકવવાનાં થતાં અર્નેસ્ટમની ડીપોઝીટ કે સીકયોરીટી ડીપોઝીટમાંથી અથવા રેવન્યુરાહે વસુલ લેવામાં આવશે.

(૧૯) જયુડીશીયલ ક્ષેત્ર ભાવનગર શહેર રહેશે.

(૨૦) કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકા પાસે કોન્ટ્રાકટર, ડ્રાઈવરો ધ્વારા કોઈપણ જાતની ગેર વર્તણુંક અંગેની લેખિત ફરિયાદ રજુ થયેથી તેમાં વજુદ જણાશે તો કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકા તે કોન્ટ્રાકટર દુર કરવા ને ફરમાવી શકશે.

(૨૧) આ કામના કોન્ટ્રાકટમાં રાજય સરકાર કે કેન્દ્ર સરકારના કોઈપણ ટેક્ષ/ચાર્જ/ફી તેમજ અન્ય કોઈ ટેક્ષ ભરવાનાં થાય તે અલગથી ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૨) કોન્ટ્રાકટરે લઘુતમ વેતન ધારો, બાળ મજુર ધારો ત્થા લેબર લોઝ નો વગેરે પ્રકારના સબંધીત તમામ કાયદાઓનો અમલ કરવાનો રહેશે. વર્કમેન કોમ્પનસેસન એકટના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.

**(૨૩) નિયત સ્થળેથી ભંગાર નહી ઉપાડતા અન્ય જગ્યાએથી કોન્ટ્રાકટર દ્વારા ભંગાર ભરવામાં આવશે તો રૂા. બે હજાર પેનલ્ટી કરવામાં આવશે. તેની અર્નેસ્ટમની ડીપોઝીટ તથા સીકયોરીટી ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે અને આ કોન્ટ્રાકટરને મ્યુનિ. કોર્પોરેશનનાં બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.**

**(૨૪) સફળ ઈજારાદાર પોતાને મળેલ કામગીરીને પેટા કોન્ટ્રાકટર તરીકે અન્યને આપી શકશે નહીં. કોન્ટ્રાકટર અન્યની માલીકીના ફકત વાહન ભાડે રાખી શકશે.**

**(૨૫) કોન્ટ્રાકટરે ભંગાર ઉપાડવાની કામગીરીનો સમય સવારના ૧૦–૩૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધીનો આપવામાં આવશે.**

**(૨૬) કોન્ટ્રાકટરે તેમના વાહન ભંગાર ઉપાડવા નિયત સમયે સહિત** એસ્ટેટ વિભાગ દ્વારા **કહેવામાં આવે ત્યાં કામગીરી અર્થે મૂકવાનાં રહેશે. ત્યાંથી ભંગાર ઉપાડવાની જે કામગીરી સોંપવામાં આવે ત્યાં કામગીરી કરવાની રહેશે. આપેલ ભંગાર ઉપાડવાની થયેલ કામની નોંધણી વિગેરેની પધ્ધતી** એસ્ટેટ વિભાગ **નકકી કરશે. અને તેનો અમલ કોન્ટ્રાકટરે કરવાનો રહેશે.**

**(૨૭) ભંગાર જે જગ્યાએથી ભરવામાં આવે તે જગ્યાએ** એસ્ટેટ **વિભાગના કા.પા.ઈ.શ્રી કહે ત્યાંથી ઉપાડવાનો રહેશે. તથા આ ભંગાર ભરેલ વાહનનો વજન કાંટે વજન કરવા જતી વખતે અત્રેના વિભાગના કર્મચારીને વાહન સાથે રાખવાના રહેશે. તથા તેની રૂબરૂમાં વજન કાંટા ઉપર વજન કરાવવાનો રહેશે. અને આ વજન ચીઠ્ઠીની પાછળ તે કર્મચારીની સહી, તારીખ અને સમય લખાવવાનો રહેશે. ત્યાર બાદજ મ્યુનિ. ટ્રેજરીમાં નાણા ભરવાનું ચલણ** એસ્ટેટ **વિભાગેથી આપવામાં આવશે. અને મ્યુનિ. ટ્રેજરીમાં પૈસા ભર્યાની પહોંચની એક ઝેરોક્ષ નકલ કરાવી ભંગાર ભરેલ વાહન સાથે રાખવાની રહેશે. અને એક ઝેરોક્ષ નકલ જે ભંગાર ભરતી વખતે તથા વજન કરાવતી વખતેના હાજર કર્મચારીને આપવાની રહેશે.**

**(૨૮) કોન્ટ્રાકટર ધ્વારા મુકવામાં આવેલ વાહન, મજુરને કામગીરી દરમ્યાન કોઈ ઈજા– અકસ્માત –જાનહાની તેમજ અન્ય કોઈ જવાબદારી ઉભી થાય તો તે તમામ જવાબદારીઓ કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે જરૂરી કાયદાઓનું પાલન કરવાની તથા વિમો લેવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.**

**(૨૯) કોન્ટ્રાકટર ધ્વારા કામે રખાયેલ કર્મચારી–ડ્રાઈવર ને ઈજા અકસ્માત જાનહાની તેમજ અન્ય કોઈ જવાબદારી ઉભી થાય તો તે તમામ જવાબદારી ઓ કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે જરૂરી કાયદાઓનું પાલન કરવાની તથા વિમો લેવાની વિગેરે જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.**

**(૩૦) ઉપરોકત શરત નં.૨૮ અને ૨૯ મુજબની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. તેમાં ભાવનગર મહાનગરપાલિકાને જોડવાની રહેશે નહી. તેમજ આવી જવાબદારી ઉભી થાય અને તેમાં કોર્પોરેશનને જોડવામા આવે તો કોર્પોરેશનને તેનો બચાવ કરવામાં જે કાંઈ ખર્ચ, નુકશાની થાય તે તમામ ખર્ચ, નુકશાની કોન્ટ્રાકટરે કમિશ્નર,મહાનગરપાલિકા ભાવનગરને આપવાનો રહેશે.**

**(૩૧)** કુલ રકમ ફક્ત સરખામણી હેતુ છે, ઉપર દર્શાવેલ જથ્થો અંદાજીત છે. અને ઈમલો નીકળતા તેમાં ફેરફાર થવાપાત્ર છે.ખરેખર વજન કરાવતા થતા જથ્થા મુજબ ભરેલ ભાવ પ્રમાણે થતી રકમની ચુકવણી ટેન્ડર ભરનારે કરવાની રહેશે.

**(૩૨) ટેન્ડરમાં દર્શાવેલ અપસેટ પ્રાઈઝ કરતા ઓછી રકમ ટેન્ડરમાં ભરેલ હશે તો તે ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી. અને આ ટેન્ડર રદ કરવામાં આવશે.**

(૩૩) કોન્ટ્રાક્ટરશ્રીએ ટેન્ડર સીલબંધ કવરમાં તેની ઉપર એસ્ટેટ વિભાગનો **દબાણ હટાવ સેલ ખાતેના જપ્ત થયેલ માલ સામાનનાં ભંગાર નિકાલ કરવાનું કામ** દર્શાવીને ટેન્ડર મોકલવાનું રહેશે.

(૩૪) ટેન્ડરમાં દર્શાવેલ સ્ક્રેપ જે સ્થિતિમાં છે તે સ્થિતિ માં જ આપવામાં આવશે જે-તે સ્થળેથી જ આપવામાં આવશે. તેમજ ટેન્ડરમાં દર્શાવેલ વેચાણમાં મુકેલ સ્ક્રેપ પૈકી કોઈ પણ સ્ક્રેપ વેચાણ માંથી રદ કરવાની કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો અધિકાર અબાધિત રહેશે અને કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૩૫) ભંગાર નિકાલની થતી રકમ ઉપર મુજબનો GST ઈજારેદાર ભાવનગર મહાનગરપાલિકાને ભરપાઈ કરવાનો રહેશે.

**ઉપરોકત મુજબની શરતો અમોએ વાંચી વિચારી સમજી, શુધ્ધ બુધ્ધિ પૂર્વક બીન કેફીપણે સ્વિકારીએ છીએ. જે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.**

__________________________

**(કોન્ટ્રાકટરની સહી / સિકકો)**

# ભાવનગર મહાનગરપાલિકા
## એસ્ટેટ વિભાગ

કામનું નામ :- દબાણ હટાવ સેલ ખાતેના જપ્ત થયેલ માલ સામાનના ભંગાર નિકાલ કરવાનું કામ

**<u>પ્રાઈસબીડ</u>**

ટેન્ડર ભરનારનું નામ:-
**સરનામું**
**મોબાઈલ નંબર**

| ક્રમ | આઈટમ | અંદાજીત જથ્થો | એકમ | અપસેટ પ્રાઈસ રૂ. | ભાવ રૂ. (અંકમાં)પ્રતિ કિલો | ભાવ રૂ.(શબ્દોમાં) પ્રતિ કિલો | કુલ રકમ રૂ. (જથ્થા પ્રમાણેનો) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દરેક પ્રકારની ધાતુ (C.I.,M.S,તથા અન્ય)નો ભંગાર | 27500 | કિલો | 35.00 | | | |
| ૨ | દરેક પ્રકારના લાકડા(લાકડું તથા પ્લાયવુડ,પાટિયા,હાર્ડબોર્ડ વિગેરે.)નો ભંગાર | 6000 | કિલો | 18.00 | | | |
| ૩ | દરેક પ્રકારના પ્લાસ્ટીક તથા રબરનો ભંગાર | 5500 | કિલો | 2.00 | | | |
| | કુલ અંકે રૂ. | | | | | | |
| | કુલ અંકે રૂ. (શબ્દોમાં) | | | | | | |

**<u>નોંધ:-</u>** કુલ રકમ ફક્ત સરખામણી હેતુ છે,ઉપર દર્શાવેલ જથ્થો અંદાજીત છે.અને ઈમલો નીકળતા તેમાં ફેરફાર થવાપાત્ર છે. ખરેખર વજન કરાવતા થતા જથ્થા મુજબ ભરેલ ભાવ પ્રમાણે થતી રકમની ચુકવણી ટેન્ડર ભરનારે કરવાની રહેશે.

તા.

..................................................................
(ટેન્ડર ભરનારની સહી/સિક્કો)